# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date :20 -03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day :FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. **કેન્દ્ર સરકારે માવઠાથી થયેલા પાક નુકસાનનું મૂલ્યાંકન કરવા અધિકારીઓને નિર્દેશ આપ્યા.**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ગુજરાત વર્ષ 2030 સુધીમાં એક ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવા સજ્જ**
3. **ગ્રામીણ પાણી પુરવઠા પ્રણાલીને મજબૂત બનાવવા કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે મહત્વના MOU થયા**
4. **કેન્દ્ર સરકાર શાળા છોડી દેનારા બાળકોને ઓળખવા દેશવ્યાપી ઝુંબેશ શરૂ કરશે**
5. **રાજ્યમાં આજે પણ કેટલાક જિલ્લામાં માવઠું-ગીર સોમનાથના ગીર ગઢડામાં સૌથી વધુ અઢી ઇંચ વરસાદ**
6. **ઠેરઠેર શોભાયાત્રાના આયોજન સાથે આજે સિંધી સમાજના પવિત્ર તહેવાર ચેટીચંડની ઉજવણી**

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SHIVRAJ RAIN CROP DAMAGE

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, કેન્દ્ર સરકાર દેશના અનેક ભાગોમાં કમોસમી વરસાદ અને કરા પડવાથી થયેલા પાકના નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે તાત્કાલિક પગલાં લઈ રહી છે.નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા,શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે નુકસાનનું તાત્કાલિક મૂલ્યાંકન કરવા માટે રાજ્ય સરકારો સાથે સંકલન કરવા માટે અધિકારીઓને જરૂરી નિર્દેશો જારી કરવામાં આવ્યા છે.

(બાઇટ: શિવરાજસિંહ ચૌહાણ, કેન્દ્રીય કૃષિ મંત્રી)

# CM CII GUJARAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને વર્ષ 2030 સુધીમાં એક ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાનવવાની નેમ વ્યક્ત કરી છે.

અમદાવાદ ખાતે ભારતીય ઉદ્યોગ સંઘ ગુજરાતના વાર્ષિક અધિવેશન અને 'ગુજરાત @$૧ ટ્રિલિયન ઇકોનોમી' વિષયક પરિષદમાં તેમણે જણાવ્યું,ગુજરાત વૈશ્વિક રોકાણકારો માટેનું પસંદગીનું સ્થળ બન્યું છે.શ્રી પટેલે ઉમેર્યું,દેશના જીડીપીમાં ગુજરાતનો હિસ્સો 8 ટકા છે,જેને 10 સુધી લઈ જવાનો લક્ષ્યાંક છે.

બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી

# JAL JIVAN MOU

જળ જીવન મિશનના બીજા તબક્કા અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે મહત્વના સમજૂતી કરાર-MOU થયા છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં કરાયેલા આ MOU અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ સમયસર અને ગુણવત્તાપૂર્વક પૂર્ણ કરી ગ્રામ પંચાયતોને સોંપવી,કાર્યરીતિ અને નિભાવણી સુનિશ્ચિત કરવી,ગામ સ્તરે વિલેજ વોટર એન્ડ સેનિટેશન કમિટિ દ્વારા પાણી વ્યવસ્થાનું સંચાલન,પાણી સ્રોતોની લાંબા ગાળાની સુરક્ષા અને સસ્ટેનેબિલિટી પર ભાર મૂકવો વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

આ MOU હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકારોની જવાબદારીઓ પણ સ્પષ્ટ કરાઇ છે.કેન્દ્ર સરકાર માર્ગદર્શન, ફંડિંગ અને મોનીટરીંગ કરશે,જ્યારે રાજ્ય સરકાર અમલીકરણ, નીતિ સુધારા અને ટેકનિકલ સપોર્ટની જવાબદારી નિભાવશે.

# NATIONAL DRIVE - OPEN SCHOOL

સરકાર શાળા છોડી દેનારા બાળકોને ઓળખવા અને તેમની શાળામાં નોંધણી કરાવવા માટે દેશવ્યાપી ઝુંબેશ શરૂ કરશે.શિક્ષણ મંત્રાલયે માહિતી આપી હતી કે આ પગલું 2030 સુધીમાં પ્રાથમિક શાળાથી માધ્યમિક સ્તર સુધી 100 ટકા કુલ નોંધણી ગુણોત્તરના રાષ્ટ્રીય શિક્ષણ નીતિના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં ફાળો આપશે.

મંત્રાલયે ઉમેર્યું હતું કે આર્થિક,સામાજિક અથવા ભૌગોલિક મર્યાદાઓને કારણે નિયમિત શાળાઓમાં હાજરી આપી શકતા ન હોય તેવા બાળકો માટે મુક્ત શાળા એક વ્યવહારુ વિકલ્પ છે.

# SURENDRANAGAR ACCIDENT

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પાસે ત્રણ વાહનોના અકસ્માતની ઘટનામાં બે લોકોના મોત નીપજ્યા છે.રાજકોટ-અમદાવાદ હાઈવે પર આજે સવારે કાર, પીકઅપ વાન અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો.જેમાં એક યુવતી અને એક યુવક એમ બંનેના ઘટનાસ્થળે મોત થયા જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બે લોકોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા. ઘટના અંગે પોલીસ વધુ તપાસ હાથ ધરી હતી.

# JILLA AYOJAN MANDAL

ખેડા જિલ્લામાં પ્રભારી મંત્રી રમણભાઈ સોલંકીની અધ્યક્ષતા માં જિલ્લા આયોજન મંડળની બેઠકમાં જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૨૫ કરોડ રૂપિયાના ૧૫૧૯ કામો મંજૂર કરવામાં આવ્યા. જેમાં આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માટે ખેડા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો માટે ૨૦૫૦ લાખ રૂપિયાનાં ૧૪૫૮ કામો તેમજ નગરપાલિકા વિસ્તાર માટે ૪૫૦ લાખ રૂપિયા નાં ૬૧ કામો મંજૂર કરવામાં આવ્યાં.

મહીસાગર જિલ્લામાં પ્રભારી મંત્રી પી સી બરંડાના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠકમાં ૧૮૨૧.૫૭ લાખ રૂપિયાના ૧૬૭૮ વિકાસના કામોને મંજૂર કરવામાં આવ્યા.

તાપી જિલ્લામાં પ્રભારી મંત્રી નરેશ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠકમાં ૮તાલુકાઓના વિકાસ માટે ૧૬.૫૦ કરોડ રૂપિયા ની ફાળવણીને મંજૂરી આપી.

આ બેઠકોમાં વિકાસના કામો  સમયમર્યાદામાં ગુણવત્તાસભર થાય તેની આવશ્યકતા પર ભાર મુકાયો હતો.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GANDHI MELO

નવસારી જિલ્લામાં  ગાંધી વિચાર-પ્રસાર ટ્રસ્ટ સંચાલિત 77મો ગાંધી મેળાનો આરંભ થયો.ગાંધીમેળા ના ઉદ્ઘાટન પ્રસંગે ગાંધી વિચાર પ્રસાર ટ્રસ્ટના મહામંત્રી નટુભાઈ નાયકે વિવિધ પ્રકારની ગૃહ ઉદ્યોગની વસ્તુઓના 60 જેટલા સ્ટોલ રાખવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

ધારાસભ્ય રાકેશ દેસાઇએ અભિનંદન આપતા કહ્યું કે ગાંધી વિચાર અને આંદોલન મુશ્કેલ પરિસ્થિતિમાં પણ ચાલુ છે.મુખ્ય વક્તા કેરસી દેબુએ મહાત્મા ગાંધીજીની ઐતિહાસિક દાંડીકૂચ સંદર્ભે મહાત્મા ગાંધીજીની સ્મૃતિ તાજી કરી હતી

# WORLD SPARROW DAY

વિશ્વ ચકલી દિવસ નિમિતે જાયન્ટસ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા ઉનાળાની ઋતુમાં ચકલી અને અન્ય પંખીઓ માટે પાણી અને આશ્રયની અછત ન સર્જાય તથા પર્યાવરણ પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે તે હેતુસર ચકલીના માળા અને પાણીના કુંડાના વિતરણ કાર્યક્રમ યોજાયો.

વલસાડ  જિલ્લા મા વલસાડ સેવા મિત્ર મંડળ દ્વારા આગામી 22 મી માર્ચના રોજ ચકલીઓ માટે નિશુલ્ક માળાઓ તેમજ પાણીના કુંડાઓનું વિતરણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે અત્યાર સુધીમાં 8,000 થી વધુ ચકલીઓના માળા નું નિશુલ્ક વિતરણ કરાયું છે

(બાઈટ- અકી સોની)

કચ્છ જિલ્લા ના ભચાઉ તાલુકા ના મોમાયમોરા-ચોબારી ખાતે સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા કાર્યક્રમમાં વિશ્વ ચકલી દિવસ ને અનુરૂપ વિવિધ કવિતા-ગઝલ રજુ કરવામાં આવી તેમજ વૃક્ષા રોપણ કરી ચકલી ઘર, પાણીના કુંડા તેમજ રોપાનું વિતરણ કરાયું.

સાબરકાંઠા જિલ્લાના બામણા ગામના ઇન્દુબેન પ્રજાપતિના ૩૬૫ દિવસ અવીરત ચાલતા 'વિહંગનો વિસામો' અભિયાન અંતર્ગત ૯૭૦૦ થી વધુનું માટીના માળા,પક્ષી ઘર,પાણીના કુંડા અને ચણપાત્ર વિતરણ સંસ્થા દ્વારા કરાયું છે

પાટણ જિલ્લામાં ચકલી બચાવો અભિયાન અંતર્ગત નિઃશુલ્ક ચકલીના માળા અને પાણીના કુંડાનું વિતરણ કરાયું.

મહીસાગર જીલ્લાના ખાનપુર કડાણા લુણાવાડા વીરપુર સંતરામપુર અને બાલાસિનોરમાં પણ જીલ્લા વન વિભાગ દ્વારા 4 હજાર જેટલા ચકલી ઘર નું વિતરણ કરાયું હતું.

બનાસકાંઠા જિલ્લામાં કલેક્ટર કચેરી ખાતે પક્ષીઘર અને પાણીના કુંડા વિતરણનો કાર્યક્રમ યોજાયો

# CHETI CHAND

સિંધી સમાજના પવિત્ર તહેવાર ચેટીચંડની આજે ઉજવણી કરવામાં આવી રહી છે.ત્યારે અમદાવાદ મહાનગરપાલિકા અને ચેટીચંડ મહોત્સવ સમિતિ દ્વારા નરોડા પાટિયા ખાતેથી ભગવાન ઝૂલેલાલની શોભાયાત્રા નીકળી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે તેમણે જણાવ્યું,ગુજરાતને પોતાની માતૃભૂમિ અને કર્મભૂમિ બનાવનાર સિંધી સમાજે પોતાની ભાષા અને ઓળખ જાળવી રાખી રાજ્યના વિકાસમાં સક્રિય યોગદાન આપ્યું છે.

બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી (ચેટીચંડ)

અમદાવાદ ઉપરાંત સાબરકાંઠા સહિત અનેક જિલ્લામાં આજે સિંધી સમાજ દ્વારા શોભાયાત્રાનું આયોજન કરાયું.ભાવનગર જિલ્લાના પાલીતાણામાં ઝુલેલાલ મંદિર ઉડેરોધામ ખાતે સિંધી સમાજ દ્વારા ચેટીચંડની ભવ્ય ઉજવણી કરવામાં આવી જેમાં પંજડા,પલ્લવ,ભજન કિર્તન સહિત ધાર્મિક કાર્યક્રમો યોજાયા.

# GUJARAT RAIN

રાજ્યમાં આજે પણ કેટલાક જિલ્લામાં માવઠું થયું.ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડામાં આજે સૌથી વધુ અઢી ઇંચ વરસાદ પડ્યો.કચ્છ જિલ્લાના નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં આજે કમોસમી વરસાદ વરસ્યો.નલિયા,નારાયણ સરોવર,વાયોર,દેશલપર,નેત્રા અને રવાપર સહિતના વિસ્તારોમાં પણ વરસાદ થયાના અહેવાલ છે.

બીજી તરફ જુનાગઢમાં શહેર સહિત જિલ્લામાં વરસાદી માહોલ રહ્યો છે. ગિરનાર પર્વત પર ભારે પવન અને વરસાદના કારણે રોપ-વે સેવા બંધ કરાઇ છે. જામનગર જિલ્લામાં પણ વરસાદના અહેવાલ છે.